**શિર્ષક : જીરૂની સુધારેલી જાત (ગુ.જી.-૪) અને વૈજ્ઞાનિકખેતી પધ્ધતિ આપનાવી વધુ ઉત્પાદન :**

**નામ: શ્રી નિલેશભાઈ પ્રેમજીભાઇ ટુકડિયા**

**ગામ : રાણાવાવ, તા.જી. : પોરબંદર**

શ્રી નીલેશભાઇ એક ઉત્સાહી ખેડૂત છે અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સતત સંપર્કમાં છે. કે.વી.કે.ના સંપર્કમાં આવ્યા પહેલા તેઓની પાસે સારી ફળદ્રુપ જમીન તેમજ પરંતુ પાણી હોવા છતાં મગફળી અને ઘઉં જેવા પાકોનું વાવેતર કરતા. પોરબંદર જીલ્લામાં જીરું પાકનો વિસ્તાર ઉતરોતર વધતો જાય છે. આ માટે શ્રી નીલેશભાઇના ખેતર પર જીરુંના પાક પર સુધારેલી જાત ગુજ.-૪ નું કે.વી.કે.દ્વારા નિર્દશન ગોઠવવામાં આવ્યું અને કે.વી.કે.ના વૈજ્ઞાનિકોની દેખરેખ હેઠળવૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો. કે.વી.કે.ના વૈજ્ઞાનિકોની નિયમીત મુલાકાત અને માર્ગદર્શનથી તેઓને જીરુંનું ૧૫૫૦ કિ.ગ્રા./હેક્ટર ઉત્પાદન ઓછા ખેતી ખર્ચે મળ્યું કે જે જીલ્લાની સરેરાશ ઉત્પાદકતા (૭૦૦ કિ.ગ્રા./હેક્ટર) અને અન્ય ખેડૂતોની સરેરાશ ઉત્પાદકતા (૧૦૦૦-૧૧૦૦ કિ.ગ્રા./હેક્ટર) કરતા ઘણું વધારે હતું.

**અસર :**

શ્રી નીલેશભાઇએ લીધેલ જીરુંના ઉત્પાદનથી આજુબાજુના ખેડૂતો ખૂબ જ પ્રભાવિતથયેલ તેમજ શ્રી નીલેશભાઇના જીરૂની જાત તેમજ ખેતી વિશે માર્ગદર્શન મેળવેલ તેમજ ઘણા ખેડૂતોએ તેની પાસેથી વાવેતરમાટે બિયારણ પણ લીધેલ. આ નિર્દશનની મદદથી શ્રી નિલેશભાઈ અને તેની આજુબાજુના ઘણા ખેડૂતોએ સ્વીકારયુ કે સુધારેલી જાત અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઆપનાવી જીરુંમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન તેમજ વધુ નફો મેળવી શકાય છે.